Postal Regd. No. GRJ-24
Valid Up to 31-12-2011

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**OL. L]  TUESDAY, 24TH FEBRUARY, 2009/PHALGUNA 5, 1930  [No. 15**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II  •  EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

### સુરત શહેર, મોજે : વેસુ-ભરથાણા-અલથાણ વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં. ૬૫ (વેસુ-ભરથાણા-અલથાણ) તૈયાર કરવા બાબત

## અધિસુચન

નં. ટીપીડી/આ/૭૬૬૪/૦૯.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬નાં ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત નગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૦૬/૨૦૦૯, તા. ૧૩-૦૨-૨૦૦૯ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૬૫માં ગુલાબી ઘરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ વેસુ-ભરથાણા-અલથાણ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૬૫ (વેસુ-ભરથાણા-અલથાણ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મ.. નગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૨૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

## ઠરાવ

સુરત મહ સમિતિની તા. ૧૩-૦૨-૨૦૦૯નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૦૩-૦૨-૨૦૦૯નાં પત્ર નં. સીમીસ/૦૮/૪૫ થી વિદિત થઈ, ફાઈલના પાના નં. ૭૦૩ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સુચિત નગર રચના યોજના સુરત નં. ૬૫ (વેસુ-ભરથાણા-અલથાણ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગેનું સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનનો બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીના રાજ્યપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૦૬/૨૦૦૯, સર્વાનુમતે મંજૂર**

---